# INS અર્નાલા: જળમોરચે ભારતનો અભેદ્ય તટરક્ષક કિલ્લો

બોર્ડર

કેપ્ટન શૂરવીર સિંહ

ASW-SWC INS અર્નાલા, અર્નાલાનો કિલ્લો, વસઈનો કિલ્લો, પોર્ટુગલ્સ, મરાઠા અને અંગ્રેજો. પહેલી દૃષ્ટિએ આ માત્ર શબ્દો કે નામ લાગે પણ જેમ ટપકાં જોડીને આખું ચિત્ર બને તેમ ક્યારેક માત્ર શબ્દો કે નામમાંથી એક આખો વિષય બની જાય છે. આમ તો આ વખતે વિષય છે, ASW-SWC INS અર્નાલા પણ આ વિષય ઉપરોક્ત બાબતને સાચી પુરવાર કરે છે. શરૂઆતમાં જે બધાં શબ્દો કે નામ આપ્યાં તે બધાં મળીને એક રસપ્રદ વિષય બને છે.

સૌથી પહેલાં તો INS અર્નાલા જહાજની જે મુખ્ય ભૂમિકા છે તેને ડીકોડ કરીએ તો આ જહાજની મુખ્ય ભૂમિકા એન્ટિ સબમરીન વૉરફેર શેલો વૉટર ક્રાફ્ટ (Anti-Submarine Warfare Shallow Water Craft- ASW-SWC)ની છે. INS અર્નાલા નામનો પણ એક ઇતિહાસ છે તે પણ ટૂંકમાં જોઈએ. આ ઇતિહાસમાં વસઈનો અને અર્નાલાનો, એમ બે કિલ્લા તેમ જ પોર્ટુગલ્સ, મરાઠા અને અંગ્રેજો પણ સંકળાયેલા છે.

અંગ્રેજો અને મરાઠા વચ્ચેનાં ત્રણ યુદ્ધોનો ઇતિહાસ જાણીતો છે પણ આ જ મરાઠાઓ પોર્ટુગલો સાથે પણ અર્નાલાના કિલ્લા માટે યુદ્ધે ચડેલા અને પછી અર્નાલાનો કિલ્લો લાંબા સમય સુધી મરાઠા સામ્રાજ્યનો હિસ્સો રહ્યો હતો. 1818ની પૂનાની સંધિના અન્વયે અંગ્રજોએ મરાઠાઓ પાસેથી આ કિલ્લો કબજે કર્યો હતો. અર્નાલા એ મૂળભૂત રીતે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં આવેલું બંદર-કમ-શહેર-કમ તટીય નગર છે. એટલે અહીં બનેલો અર્નાલા કિલ્લો સ્વાભાવિક રીતે જળ દુર્ગ છે અને એટલે જ અભેદ્ય ગણાતો રહ્યો છે. એટલે જ ભારતીય નૌકાદળમાં એન્ટિ સબમરીન જહાજ તરીકે છતાં તટરક્ષક તરીકેની મુખ્ય ભૂમિકા માટે સમાવાયેલા આ જહાજનું નામ INS અર્નાલા (INS Arnala) રખાયું છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે ભારતીય નૌકાદળમાં અર્નાલા એ કોઈ એક જહાજનું નામ નથી બલકે જહાજોનો એક આખો વર્ગ (અર્નાલા ક્લાસ-Arnala Class) છે. એટલે અર્નાલા નામનું એક અન્ય જહાજ પણ ભૂતકાળમાં ભારતીય નૌકાદળનો હિસ્સો હતું. હા, એ ખરું કે તેની મુખ્ય ભૂમિકા જુદી હતી. આ સાથે જ એ પણ નોંધી લઈએ કે INS અર્નાલા ભારતીય નૌકાદળનું એન્ટિ સબમરીન વૉરફેર શેલો વૉટર ક્રાફ્ટ (Anti-Submarine Warfare Shallow Water Craft-ASW-SWC) પ્રકારનું પહેલું જહાજ છે. એ ઉપરાંત આ જહાજ ભારતીય નૌકાદળમાં સામેલ થયું એ સાથે ASW-SWC પ્રકારનું જહાજ ધરાવનાર ભારત દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. જૂન, 2025માં એક INS અર્નાલા ભારતીય નૌકાદળમાં સામેલ થઈ ગયું છે અને ઓગસ્ટ 2025માં આ જ વર્ગનું અને આ જ ભૂમિકા ભજવનાર વધુ એક જહાજ ભારતીય નૌકાદળનો હિસ્સો બનવાનું છે. આ જ બાબત ધ્યાનમાં રાખીને આ પ્રકારના જહાજ વિશે આ વખતે વિગતે વાત કરી છે.

આ માત્ર એક-બે કે પાંચ-સાત જહાજોની વાત નથી બલકે આ તો આખો પ્રોજેક્ટ છે, જેની પ્રક્રિયા 2014થી ચાલે છે. આ પ્રોજેક્ટની ટેક્નિકલ બાબતોની વાત કરતાં પહેલાં આ જહાજના સામેલ થવાથી ભારતીય નૌકાદળ કઈ રીતે બળૂકું બનશે તે સમજવા માટે ભૂતકાળનાં બે ઉદાહરણ જોઈએ. એક



સમયે ભારતીય નૌકાદળમાં વિમાનવાહક જહાજ વિક્રાંતનો દબદબો હતો. હા, એ ખરું કે તેને વિવિધ મુદ્દે સમારકામની જરૂર પડતી હતી. તેમ છતાં તે સમયે ભારતીય નૌકાદળના એકમાત્ર વિમાનવાહક જહાજ તરીકે તેની ભૂમિકા મહત્ત્વની ગણાતી હતી. એટલે જ 1965ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં આપણા નૌકાદળની ખાસ ભૂમિકા રહી ન હોવા છતાં આપણા તત્કાલીન નૌકાસેનાપતિને વિક્રાંતની સુરક્ષાની ચિંતા સૌથી વધુ હતી. એ જ રીતે 1971ના શરૂઆતના સમયગાળામાં પાકિસ્તાની સબમરીન

**INS અર્નાલાની ડિઝાઇનની વાત કરીએ તો તેમાં નોંધપાત્ર બાબત એ છે કે આ જહાજનું જળસપાટી પર વજન 900 ટન હશે અને શત્રુની નજરથી બચવા માટે આ જહાજ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ હશે. આના કારણે દુશ્મન સબમરીન તેમ જ દુશ્મનની અન્ય કોઈ પણ સર્વેલન્સ સિસ્ટમ આ જહાજની હાજરી પકડી નહીં શકે**

ગાઝી વિક્રાંતના શિકાર માટે નીકળી હોવાની બાતમી અનાયાસે જ મળી જતાં આપણા નૌકાદળે જ સમયસર સાબદા થઈને વિશાખાપટ્ટનમના બારામાં જ ગાઝી નામના શિકારીનો જ શિકાર કરી નાખેલો એ આખો ઘટનાક્રમ નાગરિકોને મોડો જાણવા મળેલો પણ પછી ગાઝી પ્રકરણ તરીકે ખાસ્સી ચર્ચાનો વિષય બનેલો. અત્યારે તે સમયે તો સામાન્ય એકાદ અઠવાડિયું હવે જ્યારે INS અર્નાલા જેવાં જહાજો ભારતીય નૌકાદળમાં સામેલ થઈ ગયાં છે અને

સામેલ થઈ રહ્યાં છે ત્યારે નજીકના ભવિષ્યમાં કોઈ સબમરીન આપણી જળસપાટી નીચેથી આપણી જળ સરહદમાં અંદર સુધી ઘૂસી જાય એવી શક્યતા ઓછી છે. INS અર્નાલાની આ અસરકારકતા છે. આ આખા પ્રોજેક્ટના ટેક્નિકલ પાસાની વાત કરીએ તો 2014થી સત્તાવાર રીતે શરૂ થયેલો આ પ્રોજેક્ટ ભારતના મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટનો હિસ્સો છે. પબ્લિક-પ્રાઇવેટ મોડેલ મુજબ અને 1.9 બિલિયન ડોલરના બે મુખ્ય કોન્ટ્રાક્ટ સાથે ચાલતા આ પ્રોજેક્ટ અંતર્ગત જૂન, 2025માં આ પ્રકારનું જે જહાજ ભારતીય નૌકાદળમાં સામેલ થયું એ સાથે આ પ્રકારના કુલ 6 જહાજો ભારતીય નૌકાદળમાં સામેલ થઈ ગયાં છે. ઓગસ્ટ, 2025માં આ પ્રકારનું વધુ એક જહાજ ભારતીય નૌકાદળમાં સામેલ થશે એ સાથે ભારતીય નૌકાદળમાં આ પ્રકારના જહાજોની સંખ્યા 7 થશે અને ભારતીય નૌકાદળ આ પ્રકારનાં જહાજોની કુલ સંખ્યા 16 પર પહોંચાડવાનું આયોજન કરી ચૂક્યું છે. આ પ્રોજેક્ટમાં લાર્સન એન્ડ ટુબ્રો જેવી કંપની પણ સામેલ છે.

INS અર્નાલાની ડિઝાઇનની વાત કરીએ તો તેમાં નોંધપાત્ર બાબત એ છે કે આ જહાજનું જળસપાટી પર વજન 900 ટન હશે અને શત્રુની નજરથી બચવા માટે આ જહાજ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ હશે. આના કારણે દુશ્મન સબમરીન તેમ જ દુશ્મનની અન્ય કોઈ પણ સર્વેલન્સ સિસ્ટમ આ જહાજની હાજરી પકડી નહીં શકે. આ જહાજ સંપૂર્ણપણે શસ્ત્રસજ્જ હોય ત્યારે તેનો ડ્રૉટ(draught) 2.7 મીટર છે. આ જહાજ 78 મીટર લાંબું અને 11.3 મીટર પહોળું છે. આ જહાજ તેના બેઝ પોર્ટથી 200 નોટિકલ માઇલના દરિયાકાંઠાના વિસ્તારમાં કાર્યરત રહી શકે છે.

આ જહાજનો મહત્તમ વેગ 25 નોટ્સ (knots) છે અને આ જહાજ 14 નોટ્સ (knots)ની ઝડપે 1,800 નોટિકલ માઇલનો એકધારો પ્રવાસ કરી શકે છે. આ જહાજ 7 નેવી ઓફિસર્સ સહિત કુલ 57 નૌકાસૈનિકોને સમાવી શકે છે.

આ યુદ્ધજહાજ જો કોઈ શંકાસ્પદ સબમરીનને શોધી નાખે તો તેની સાથે સંપર્ક કરીને તે સંપર્ક જાળવવા માટે તેમ જ જરૂર પડ્યે ટૂંકા અંતરના વિસ્ફોટો કરવા માટે પણ ઝડપથી આગળ વધી શકે છે. આ ઉપરાંત પોતાના પક્ષના અન્ય એન્ટિ સબમરીન યુદ્ધ જહાજો તેમ જ યુદ્ધ વિમાનો સાથે પણ જરૂરી માહિતીના સરળ આદાન-પ્રદાન માટે આ યુદ્ધ જહાજમાં અત્યાધુનિક ડેટા લિન્ક નેટવર્કની સુવિધા પણ છે. આ સાથે ચોક્કસ પ્રકારની લશ્કરી કાર્યવાહીની જરૂરિયાત મુજબ વૈવિધ્યપૂર્ણ શસ્ત્રો લાદી શકાય તેવી વ્યવસ્થા પણ આ યુદ્ધ જહાજમાં છે. એટલે તે દરિયાઈ મોરચે નાના પાયાનાં નેવલ ઓપરેશન્સ તેમ જ સુરંગ પાથરવાનું કામ પણ હાથ ધરી શકે છે.

3 ડીઝલ એન્જિન અને અત્યાધુનિક સોલાર યંત્રોવાળું તેમ જ જહાજ સંચાલનની વિવિધ ઓટોમેટિક સિસ્ટમ્સથી સજ્જ આ યુદ્ધ જહાજ હળવા વજનનાં ટોરપિડો, એન્ટિ સબમરીન રોકેટ્સ, 30mmની નેવલ સરફેસ ગન અને ઓપટ્રોનિક કન્ટ્રોલ સિસ્ટમવાળી 16.7mmની 2 સ્ટેબિલાઇઝ્ડ રિમોટ કન્ટ્રોલ ગન જેવાં શસ્ત્રોથી સજ્જ છે. ટૂંકમાં, INS અર્નાલા જળમોરચે ભારતનો અભેદ્ય તટરક્ષક કિલ્લો બનશે.






# 'સુપરમેન' સામે રાજકુમાર રાવની 'માલિક' રાજ કરી શકી નહીં!

ફિલ્મોગ્રાફ

રાકેશ ઠક્કર

રાજકુમાર રાવની 'માલિક' અને વિક્રાંત મેસ્સીની 'આંખો કી ગુસ્તાખીયાં' સામે હોલિવૂડની 'સુપરમેન'ની ઉડાન ઊંચી રહી છે. વીકએન્ડમાં 'માલિક'ને રૂ.15 કરોડ અને 'આંખો કી ગુસ્તાખીયાં'ને માત્ર રૂ.1.25 કરોડ મળ્યા હતા. જ્યારે 'સુપરમેન' રૂ.26.30 કરોડની કમાણી સાથે આ વર્ષની સૌથી વધુ ઓપનિંગ મેળવનારી હોલિવૂડની ફિલ્મોમાં 5માં સ્થાને રહી છે. જો તમે સુપરહીરોના ચાહક છો અથવા ફક્ત એક્શનથી ભરપૂર મસાલા ફિલ્મ જોવા માંગો છો તો 2 કલાક 10 મિનિટની આ ફિલ્મ તમને એક સેકન્ડ માટે પણ કંટાળાજનક લાગશે નહીં. નિર્દેશક જેમ્સ ગુન જાણે છે કે સુપરમેનની વાર્તા બધા સુપર ચાહકો માટે જાણીતી છે. એટલે તેમણે સુપરમેન પહેલા ક્યાં રહેતો હતો અને તે પૃથ્વી પર કેવી રીતે આવ્યો વગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું નથી. તેથી નવા દર્શકોને થોડી તકલીફ પડશે. આ ફિલ્મ ડીસી યુનિવર્સની એક નવી શરૂઆત છે. એમણે સુપરહિટ ફ્રેન્ચાઈઝીને ફરી એકવાર નવી શૈલીમાં રજૂ કરવાનું કામ હાથમાં લીધું છે. પાત્રો એ જ જૂના છે જેમના નામ પણ એ જ છે. આ થોડી લોજિકલ સુપરહીરો ફિલ્મ છે. સુપરમેન કરતાં એના ખલનાયકની વાર્તા વધુ બતાવવામાં આવી છે. જે કંઈ પણ સાબિત કરવા માટે તૈયાર હોય છે. તે હીરો નથી પણ સુપરહીરો છે. તે એક એલિયન છે. જે દુનિયા પર રાજ કરવા આવ્યો છે. ફિલ્મ ખૂબ જ ઝડપી છે. વાર્તા કહેવામાં થોડો સમય પણ બગાડતી નથી. હીરો અને સુપર વિલન વચ્ચે સીધો સામનો બતાવાયો છે. સુપરમેનની રજૂઆત મોટા પડદા પર સારી લાગે છે. એક્શન દૃશ્યો પણ અદભુત છે. 'ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી' જેવી હિટ ફિલ્મ ફ્રેન્ચાઈઝી બનાવનાર નિર્દેશક જેમ્સ ગુને સુપરમેનની વાર્તા આગળ વધારવા ઘણા પ્રયોગો કર્યા છે. સુપરમેનની સાથે જસ્ટિસ ગેંગ અને અન્ય પાત્રો છે. એમાં નવા પાત્રો ઉપરાંત ભારે VFXનો ઉપયોગ સામેલ છે. નવા સુપરમેનને દર્શકો સમક્ષ 'માનવ' તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. ડેવિડ કોરેન્સવેટે 'સુપરમેન'ના પાત્રને સ્ક્રીન પર સારી રીતે રજૂ કર્યું છે. તેની સાથે એક સુંદર સુપરડોગ 'ક્રિપ્ટો' છે. જેની માસૂમિયત જોવા જેવી છે.

એક તરફ સુપરમેન છે અને બીજી તરફ 'માલિક' છે. એટલું સારું છે કે રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક' ફહાદ ફાઝિલની મલયાલમ ફિલ્મની રીમેક નથી. ચર્ચા ઘણી હતી પણ બંને ફિલ્મોનો એકબીજા સાથે કોઈ સંબંધ નથી. આ ફિલ્મ અલ્હાબાદની વાસ્તવિક ગેંગવોરથી થોડી પ્રેરિત છે. ફિલ્મમાં રક્તપાત, બદલો, અપમાન, અભિમાન, પાપ-પુણ્ય અને છેતરપિંડીની વાર્તા છે. જેમાં ફિલ્મના હીરોને હીરો કહેવો જોઈએ કે ખલનાયક એ સમજાતું નથી. એમાં કશું અલગ પણ નથી. દરેક ગેંગસ્ટર ફિલ્મની વાર્તા જેવી જ છે. આવી બીજી ફિલ્મોના 3 કલાક 2 કલાક જેવા લાગે છે ત્યારે 'માલિક'ના 2 કલાક પણ 3 કલાક કરતા વધુ લાગે છે. માનવું પડશે કે રાજકુમાર રાવની મજબૂત હાજરી છે. તેણે પોતાની છબી તોડવામાં સફળતા મેળવી છે. સહાયક કલાકારોની પસંદગી સારી છે. માનુષી છિલ્લર એની બીજી ફિલ્મો કરતાં વધુ સારી દેખાય છે અને કામ સારું કર્યું છે. તે અભિનયમાં વધુ આત્મવિશ્વાસુ લાગે છે. ભૂમિકા મર્યાદિત હોવા છતાં સારી રીતે ભજવી ગઈ છે. જો કલાકારોનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો હોત તો આ ફિલ્મ ફક્ત નામથી જ નહીં પરંતુ સામગ્રી દ્વારા બોલિવૂડની માલિક બની શકી હોત. આ એક 90ના દાયકામાં સેટ કરેલી ગેંગસ્ટર આધારિત ક્રાઈમ ડ્રામા ફિલ્મ છે. એમાં એ જ પ્રકારના ગેંગસ્ટર છે જેને 99% ગેંગસ્ટર ફિલ્મોમાં આપણે જોયા હશે.

જેમાં ગરીબીમાંથી ઊંચા ઉઠીને પોતાનું નામ આગળ વધારવા માટે ખોટા કામો કરીને પોતાનું વર્ચસ્વ બનાવવું વગેરે હોય છે. આ પહેલાં જેમણે ક્યારેય ગેંગસ્ટર ડ્રામા ફિલ્મ જોઈ નથી તેમને શક્ય છે કે ગમી શકે. બહુ ચોંકાવનારા ટ્વિસ્ટ નથી. મોટાભાગની બાબતોનો અંદાજ પહેલાથી જ આવી જાય છે. એ કારણે રોમાંચ ઓછો થાય છે.

નિર્દેશક પુલકિતની એ સૌથી મોટી નબળાઈ છે કે અમિતાભ બચ્ચનના 'વિજય', યશના 'રોકી ભાઈ' અને અલ્લુ અર્જુનના 'પુષ્પરાજ'ની જેમ રાજકુમારના 'માલિક' બનવાનું કોઈ મજબૂત કારણ આપવામાં નિષ્ફળ રહ્યા છે. તેથી દર્શકો આ પાત્ર પ્રત્યે કોઈ સહાનુભૂતિ કે લગાવ અનુભવતા નથી. આ માલિક ગરીબો માટે મસીહા પણ નથી. તે ફક્ત અડધો ડઝન ગુંડાઓની મદદથી પોતાના વિરોધીઓને મારી રહ્યો છે. નવાઈની વાત એ છે કે જેમની પાસે નવું કશું કહેવાની કે કરવાની સમજ નથી એ 'માલિક'ની સીક્વલ લઈને આવવાના છે. એ કારણે ક્લાઈમેક્સ પણ નબળો રહી ગયો છે. તે નિરાશાજનક પણ છે. 'સુપરમેન' એટલા માટે સારી છે કે ક્લાઈમેક્સ શક્તિશાળી છે. તે ભલે વચ્ચે ઘણી વખત ડગમગી જાય છે છતાં અંત સુધી મનોરંજન પૂરું પાડે છે.

**જો તમે સુપરહીરોના ચાહક છો અથવા ફક્ત એક્શનથી ભરપૂર મસાલા ફિલ્મ જોવા માંગો છો તો 2 કલાક 10 મિનિટની આ ફિલ્મ તમને એક સેકન્ડ માટે પણ કંટાળાજનક લાગશે નહીં**

## ઓટોગ્રાફ !

ફિલ્મ 'કન્નપ્પા'ના હીરો વિષ્ણુ માન્ચુએ સ્વીકાર્યું છે કે એમાં એનાં કેટલાંક સારાં દૃશ્યોમાં VFXની ગુણવત્તા સારી ન હોવાથી કાઢી નાખવામાં આવ્યાં હતાં. (વિષ્ણુ, એનો અર્થ એ થયો કે VFX અંગે સમીક્ષકોની ફરિયાદ સાચી હતી! અને તારા અભિનયની પણ ટીકા થઈ હતી એટલે આ ખુલાસો કર્યો છે ને?)

# સંસાર નામે કુરુક્ષેત્ર

જીવન સરિતાને તીરે

દિનેશ પાંચાલ

આજકાલ એવું જોવા મળે છે કે નાનપણમાં જે દીકરાને છાતી પર બેસાડીને પ્રેમથી રમાડ્યો હોય એ દીકરો મોટો થઈ મા-બાપની છાતી પર લાકડીના ફટકા મારે છે. 'માતૃદેવોભવ' અને 'પિતૃદેવોભવ'ની વાત આજના કોન્વેન્ટિયા કલ્ચરને બકવાસ લાગે છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે હવે રોજ રામાયણ થાય છે. યુદ્ધ હંમેશાં મેદાન પર જ લડાય એવું નથી. ક્યારેક આ સંસાર સૌથી મોટી યુદ્ધભૂમિ બની રહે છે. જેમને દુશ્મનો જોડે પણ લડવાનું ગમતું ના હોય તેવા શાંતિપ્રિય વડીલો પર તેમના જ દીકરા કૉર્ટમાં કેસ કરે છે. (માણસ પોતાના હૃદયને ફાંસીએ ચઢાવવાની પેરવી કરતો હોય તેવી આ કમનસીબ બાબત છે.)

બાપે ઘરડે ઘડપણ કાશી કે કૈલાસને બદલે કૉર્ટમાં જવું પડે છે. કળિયુગમાં આવા બનાવોની નવાઈ નથી રહી. આપણે બહુ બહુ તો પાકિસ્તાન સામેના યુદ્ધથી બચી શકીએ પણ સંસારના સંગ્રામોથી બચી શકાતું નથી. સહનશક્તિ એ જ એક માત્ર ઢાલ હોય છે.

એક બીજી વાત પણ વિચારવા જેવી છે. ધર્મ કોઈવાર સત્ય કરતાં અસત્યમાં વધુ છૂપાયેલો હોય છે. કોઈ ખાટકી હાથમાં ખુલ્લી તલવાર લઈને પૂછે: "અહીંથી હમણા એક ગાય પસાર થઈ તે કઈ દિશામાં ગઈ?" અગર એ ખાટકીને જૂઠી દિશા બતાવીએ તો તે ધર્મ બની રહે છે. આવા પવિત્ર અસત્યો બોલવાનો પ્રસંગ આવી પડે ત્યારે પોથી ધર્મના કોઈ એકાદ વાક્યને ક્ષુલ્લક રીતે વળગી રહેવાને બદલે વિવેકબુદ્ધિથી વિચારવું જરૂરી બને છે. મનુસ્મૃતિમાં



બ્રહ્મહત્યાને મોટું પાપ ગણાવ્યું છે. પરંતુ કોઈ બ્રાહ્મણ હાથમાં બૉમ્બ લઈને મસ્જિદમાં નમાઝ પઢતા હજારો મુસ્લિમો પર બ્લાસ્ટ કરવા જતો હોય ત્યારે તેની હત્યા કરવામાં પાપ નથી. (એ સમયે હાથમાં બંદુકને સ્થાને ગીતા, બાઈબલ કે કુરાન હોય તો તે વડે તેનું મોત નીપજાવવામાં આવે તો તે ધર્મગ્રંથનો દૂરુપયોગ કર્યો ના કહેવાય) ખુદ કૃષ્ણએ ન્યાય- નીતિ અને ધર્મની રક્ષા કાજે તરેહ તરેહની રણનીતિ અપનાવીને કૌરવોનો નાશ કર્યો હતો. ગાંધીજી અહિંસાના પૂજારી હતા પણ એમના આશ્રમમાં અસાધ્ય રોગથી પીડાતા વાછરડાને એમણે ઈન્જેક્શન અપાવીને દયામૃત્યુ આપ્યું હતું. દોસ્તો, દરેક હિંસા અચૂકપણે ખરાબ હોતી નથી. તેની પાછળનો હેતુ તેને સારી કે ખરાબ સાબિત કરે છે.

આગળ એ વિચારો કે એક પારસી ડૉક્ટર ઓપરેશન અધૂરું મૂકીને અગિયારીએ લોબાન ચઢાવવા જાય તો દરદીની શી દશા થાય? એક હિન્દુ પાયલટ ચાલુ વિમાને રામનામની માળા જપવા બેસે તો મુસાફરોની શી હાલત થાય? કોઈ જૈનબંધુ બસ ડ્રાઈવર હોય અને માર્ગમાં જ્યાં જ્યાં દેરાસર નજરે પડે ત્યાં તે બસ થોભાવી દે તે પરવડે ખરું? વિકસિત દેશોની પ્રજા ધર્મ કે પ્રભુ પૂજા પાછળ આટલો સમય બગાડતી નથી. (આપણે ત્યાં ચાલુ ઓફિસે સત્યનારાયણની કથા સાંભળવા જતા ધાર્મિક નબીરાઓને અમે જોયા છે) આપણે વીજ વપરાશમાં કાપ મૂકીને વીજળી બચાવવાની કોશિષ કરીએ છીએ, તે રીતે ધારીએ તો પૂજા પાઠોમાંથી થોડા સમય બચાવીને આપણી ફરજના સમયમાં તેનો ઉમેરો કરી શકીએ. જેમ કે એક શિક્ષક સવારે એક કલાક માળા કરતો હોય તો તેમાં કાપ મૂકીને બાળકોને તેટલું વધારે ભણાવી શકે.

સુખી થવાને આડે નડતા જુનવાણી વિચારોને ત્યજો. હવે દીકરીને નહીં દીકરાને પારકું ધન ગણો. બલકે સંતાનોને સામે ચાલીને અલગ ઘર વસાવી આપો. પરસ્પરના મોઢા જોવાનું ય ના ગમે તે રીતે બધાં લડીવઢીને અલગ થાય તેના કરતાં મા-બાપ સામે ચાલીને દીકરાના અલગ ઘરમાં કુંભઘડો મૂકી આપે એના જેવી રૂડી વાત બીજી એકે નથી. એક વાત સમજો. તમારી પાસે દૂધ છે. તે દહીં બની જાય તે પહેલાં કાં તો તેમાંથી શ્રીખંડ બનાવી શકાય કાં બાસુંદી! બહુ મોડું કરો તો ન કઢી બનાવી શકાય ન બાસુંદી.. તેને ફેંકી જ દેવું પડે. એથી ઉત્તમ તો એ જ કે દૂધ સાવ બગડી જાય તે પહેલા તેમાંથી મજેદાર બાસુંદી બનાવી આખું

**બાપે ઘરડે ઘડપણ કાશી કે કૈલાસને બદલે કૉર્ટમાં જવું પડે છે. કળિયુગમાં આવા બનાવોની નવાઈ નથી રહી. આપણે બહુ બહુ તો પાકિસ્તાન સામેના યુદ્ધથી બચી શકીએ પણ સંસારના સંગ્રામોથી બચી શકાતું નથી**

પશ્ચિમના દેશો "વર્ક ઈઝ વર્શિપ"માં માને છે. તેઓ પૂજાપાઠ અને ભક્તિમાં રમમાણ નથી રહેતા. પરંતુ તેથી તેમના કોઈ કામ અટકતા નથી. આપણી હિન્દુ સંસ્કૃતિને ભક્તિનું ઘેલુ લાગ્યું છે તે કારણે આપણાં પર દેવોની વિશેષ કૃપા થઈ નથી. બલકે ધ્યાનથી જોશો તો પશ્ચિમી દેશોએ ધરખમ પ્રગતિ કરી છે. જ્યારે આપણે ત્યાં ગરીબો અને વંચિતોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. આ સ્થિતિ સૌની આંખ ઉઘાડી દે એવી છે પરંતુ આપણે આંખો બંધ કરીને માળા કરીએ છીએ. જીવનમાં બાઝેલા આવી અબૌદ્ધિક્તાના જાળા પહેલી નજરે દેખાતાં નથી. કોઈકે સરસ લખ્યું છે: "હવે આંખ ખોલો તો સારું, નહીં તો ભર બપોરે અહીં અંધારુ!"

સંતો કહે છે: ચાર દિવસની ચાંદની જેવા આ સંસારમાં સૌને પોતાની રીતે જીવવાનો હક છે. એથી કુટુંબ મોજથી માણે. યુવાન વહુ દીકરા પાસે તેમના પોતાના નોખા ગમા-અણગમા હોતા હોય છે. વડીલો સાથે તેનો મેળ ખાતો નથી. પંદર- વીસ કુટુંબીજનોનો આખો કાફલો એક છત તળે સાથે રહેતો હોય તે સંજોગોમાં મીઠા દૂધ જેવા સંબંધોમાં કાળક્રમે દહીં જેવી ખટાશ પેદા થાય છે અને પછી તેને ફેંકી દેવા સિવાય બીજો કોઈ ઉપાય રહેતો નથી.

## ધૂપછાંવ

કોઈના સંયુક્ત પરિવારમાં ખૂબ ઝઘડા થાય પછી પરિવારના લોકો જુદા રહે તે બગડેલા દહીંને ફેંકી દેવા જેવી બાબત ગણાય. તમે સમજદાર મા-બાપ હો તો દીકરા જોડે ના લડો. બલકે ખુશીથી મૂકી આપો તેમને કુંભઘડો!